અખબારી યાદી

# લવાસા દ્વારા ભારતમાં નોખી સેગવે એડવેન્ચર ટુર્સ રજૂ કરાઈ

- સેગવે હરિત પરિવહનનું સ્વરૂપ છે, જે વૈશ્વિક ઘણાં બધાં પર્યટન સ્થળે ઘેલું છે.
- પરિવહનનું સુરક્ષિત અને કાર્યક્ષમ માધ્યમ વિશાળ ચાલવાનું અંતર આવરી લેશે.

લવાસા, 25મી જૂન, 2014- ભારતની પ્રથમ નિયોજનબદ્ધ હિલ સિટી લવાસાએ સેગવે એડવેન્ચર ટુર્સ રજૂ કરી છે. આ ભારતમાં નોખી ઓફર છે, જેના હેઠળ લવાસામાં આવતા પર્યટકોને હવે હરિત પરિવહનના અજોડ માધ્યમ સેગવે સાથે પર્યાવરણ અનુકૂળ, સુરક્ષિત અને રોમાંચક રીતે નયનરમ્ય હિલ સિટીની ખોજ કરવાનો વિકલ્પ મળશે.

સેગમેન વૈશ્વિક ઘેલું છે અને ઘણાં બધાં આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળો પર્યટકોને વ્યક્તિભિમુખ રોમાંચક ખોજ માટે સ્વ સંતુલિત બેટરીથી ચાલતી મિની- બાઈસિકલ ઓફર કરે છે. લવાસામાં પર્યટકો હવે હરિયાળીઓ અને નયનરમ્ય પથમાર્ગ પરથી અત્યંત આસાનીથી લાંબું અંતર પાર કરવા અને ખોજ કરવાનો સેગવેને લીધે મોકો મળે છે.

અજોડ ગાયરોસ્કોપ ટેકનોલોજી અને લીન સ્ટીયર સવારીની પદ્ધતિ સેગવેને વિશાળ ચાલવાનું અંતર આવરી લેતાં પરિવહનના સુરક્ષિત અને કાર્યક્ષમ માધ્યમમાંનું એક બનાવે છે. સરેરાશ પુખ્તના શરીરથી વધુ નહીં એવાં પરિમાણો અને માનવી સંતુલન જાળવી રાખવાની ક્ષમતા સાથે સેગવે પીટી પાદચારી જેટલી જ જગ્યાનો ઉપયોગ કરી શકે છે અને વ્યક્તિ જ્યાં પણ ચાલવા માગે ત્યાં જઈ શકે છે.

સેગવે લવાસા સિટીની ખોજ કરવા માટે ઉત્તમ પદ્ધતિ છે, કારણ કે પર્યાવરણ અનુકૂળ શહેરની વિચારધારા સાથે તે સુસંગત છે. તે ઓછામાં ઓછી જગ્યાનો ઉપયોગ કરે છે. તેમાં વળાંક આસાનીથી લઈ શકાય છે અને તે પાદચારી સાઈડવોક્સ અને પથમાર્ગ પર આસાનીથી ચલાવી શકાય છે, જેને લીધે પરિવહનનું અત્યંત પર્યટન અનુકૂળ માધ્યમ છે. પર્યટકો માર્ગો, લેકસાઈડ પ્રોમેનેડ અથવા નેચર ટ્રાયલ્સ આસપાસ ઝિપિંગ પણ માણી શકે છે. આ બેટરી પર ચાલતાં વાહનો નિયમિત રસ્તાઓ પર ઉપયોગ કરવા સાથે ટેકરીઓઅને એડવેન્ચર ટુર્સ માટે પણ ઉપયોગ કરી શકાય છે. લવાસામાં આ સેવા ભારતમાં પ્રયોગાત્મક સાહસ પ્રવાસમાં આગેવાન ઈકોમંત્રા નેચર એડવેન્ચર પ્રા. લિ. દ્વારા ઓફર કરાય છે.

લવાસા ખાતે ભારતમાં પ્રથમ સેગવે એડવેન્ચર ટુરના લોન્ચિંગ પર બોલતાં લવાસા કોર્પોરેશન લિ.ના ટુરીઝમ હોસ્પિટાલિટી અને લીઝરના સિ. વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાજીવ દુગ્ગલે જણાવ્યું હતું કે લવાસા સિટીમાં અમે શહેરની ખોજ કરવા અને સ્થળદર્શન માટે નવી નવી પદ્ધતિઓ રજૂ કરવાનો પ્રયાસ કરીએ છીએ, જેને લીધે રજાઓ વિતાવવાનો અનુભવ વધુ મનોરંજક બની જાય છે. સેગવે ક્રાંતિકારી નવું ડિવાઈસ છે, જે

શીખવા માટે આસાન હોઈ ભરપૂર મોજ આપે છે. આટલું જ નહીં, અમે શહેરની ખોજ કરવા માટે મોજીલી રીત અને વાસ્તવમાં મનોરંજક વિશાળ અંતરો પાર કરવા સાથે વિસ્તૃત સિટી ટુર્સ સાથે સેગવેની સવારી રોમાંચ પણ આપે છે.

લવાસામાં તમે ટુરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટરનો સંપર્ક કરીને વિશેષ પ્રસંગો માટે સેગવે ભાડે લઈ શકો છો. સેન્ટર દરરોજ સવારે 9થી સાંજે 6 સુધી ચાલે છે. અહીં પણ સંપર્ક કરી શકો છો, ફોનઃ +91 20 6473 1022 અને ઈ-મેઈલ: tourism@lavasa.com

<u>લવાસા વિશે</u>

લવાસા ભારતની પ્રથમ નિયોજનબદ્ધ હિલ સિટી છે, જ્યાં લોકો નિવાસ કરી શકે, શીખી શકે અને નિસર્ગના સાંનિધ્યમાં રમી શકે છે. લવાસા કોર્પોરેશન લિમિટેડ વિકસિત સમાવેશક શહેર લવાસા 10,000 હેક્ટરમાં પથરાયેલું છે. નવા શહેરીકરણના સિદ્ધાંતો પર તે આધારિત છે. મુંબઈથી માર્ગ દ્વારા લવાસા પહોંચવા ત્રણ કલાક અને પુણેથી એક કલાક લાગે છે. લવાસા હોસ્પિટાલિટી, ટુરીઝમ, શિક્ષણ, આરોગ્ય સંભાળ, વેપાર સંશોધન અને ઉદ્યોગના ઘણા બધા વૈશ્વિક આગેવાનોનું યજમાન બને છે. આ હિલ સિટી ભાડાં પર ઘર, એપાર્ટમેન્ટસ અને વિલાઝ સહિત હાઉસિંગ માટે ઘણા બધા વિકલ્પો સાથે સમકાલીન અને સમયકાલીન શિલ્પીય ડિઝાઈનોનું સંયોજન પૂરું પાડે છે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ સાથે આ શહેર લોકોને જીવન પરિપૂર્ણ જીવવાની રીત બતાવે છે.

મિડિયા વધુ પૂછપરછ માટે સંપર્કઃ


| | |
|---|---|
| લવાસા કોર્પોરેશન લિમિટેડ<br>અશ્વિન શેટ્ટી - 99670 24293<br>ashwin.shetty@lavasa.com<br><br>અંકુલ ભાવસાર – 9820168842<br>ankul.bhavsar@lavasa.com | એડફેક્ટર્સ પીઆર<br><br>પરીક્ષિત જોશી– 98339 17030<br>parikshit.joshi@adfactorspr.com<br><br>નિનાદ સિધયે– 9619500760<br>ninad.siddhaye@adfactorspr.com |